શ્રી.

હિંદુ હિલોળા પુરાણ.

દોહરા.

હિલોળા બહુ હિંદમાં, કરવા લાગ્યા લોક,
ગરથ ગુમાવી ગાંઠનું, બની પાકટા ફોક ૧
જાણે ન હિંદના હિતમાં, નથી વડીલા રીત;
કાર્ય કરે બહુ આંધળા ચાલી ઉલટી રીત. ૨

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર
કવિ—ત્રિભુવનદાસ નારણજી મહેતા.
રહેવાસી—અમદાવાદ

અમદાવાદ.
ધી " અમરસિંહજી " પ્રીન્ટીંગ
પઠાણ નીજામખાં નુરખાં વકીલે છા

પ્રત ૫૦૦૦ આવૃ

સંવત. ૧૯૫૭

કિંમત રૂ. ૦-૨-૦

વિનંતી.

રાગ પરભાતી.

હે ચેત પ્રાણી ચિત્તધીતુ, અહીંરે તારૂ કોઇ નથી,
અંત જાવુ એકલુ, મરવુ અરે શાને મથી. હે ચેત.

કૈંક ચાલ્યા જો ગયા છે, બહુભલા તે ભૂપત્તિ,
આખર સત્તા જેને હતી, ચાલી નથી તેની ગતિ હે ચેત

સગા સબંધી સૈન બળીયુ, કઇ મદદ કરતા નથી,
કાળ આવે કોઇનુ જો, જોર જરીએ ત્યા નથી. હે ચેત.

ધરમ કરીલે, ધ્યાન કરીલે, દાન કરીલે કર થકી,
નહીતો તારી જીંદગીને, ગઈ ગણે જખ મારતી હે ચેત
ચેત્યા જનો તે સહુ તર્યા છે, અન્ય જગમા આથડ્યા,
કે, ત્રિભૂવનદાસ તુજને, કૈંક નર નરકે પડ્યા. હે ચેત.

(૨)

હાં છંદ છોડો ફંદ છોડો, સર્વ શાણા સહુ તમે,
ધર્મ કરીલો ધર્મરાજા, ચોપડે જાગુ જમે. હ ·

છંદને જો ફંદ કરતા, જીંદગી જાશે વહી,
વખ્ત પાછો બંદગીનો, માનવી મળશે નહી.

વેશ બદલે કેશ બદલે, કો નથી જગમા તર્યા,
જો વિચારી વેદને, સિધાંત કુરાનો કર્યા. ·૦.

જુઠ બોલે જુઠ ચાલે, સર્વ કરતા કામમાં.
જાણજે તું નહિ જવાનો, ધર્મરાજા ધામમા. હા છંદ.

છોકરા રેહેશે ધર્યાને, બાયડી બીજે જશે,
માનજે તું મનથી, પ્યારાં તને પુરા હશે. હા છંદ.

ખાસ કેહેવું દાસનું છે, ઉર ત્રિભૂવન ધરો,
છેલ્લું કહુ છુ એટલ્યું જો, ફાકડા થઈ ના ફરો. હા છંદ.

શ્રી.

હિંદુ હિલોળા પુરાણ.

" લેખક-કવિ ત્રિભુવનદાસ નારણજી મેહેતા. "

(રાગ) મરસીયાં.

હાય હાયરે હિંદુ બાઇઓના સુધારા,
તજી દીધા રીવાજો, રૂપાળારે. હાય હાય૦
હાય વોયરે હિંદુ બાઇઓના સુધારા. ॥ ટેક ॥
મહુ જુવો છો બાઇ ભલાજો, મુકી દીધો છે માળવે મલાજો,
કેરી દીસે છે તમને બલાજોરે, હાય હાય ! ! હાય વોયરે.
હોય હાયેક ઓળની સાડી, તોય અરધે માથેરે ઉઘાડી,
ફરે આમ તેમ ઘુમતી અનાડીરે, હાય હાય ! ! હાય૦
... લકા નિત્યે રૂપાળા, ઘણી ઘણી ટુકી બાય વાળા,
...ઓ અર્ધા ઉઘાડાંરે, હાય હાય ! ! હાય૦
...ઓ આજે ગમે છે, પેહેરી પોલકાંને ખુશી રમે છે,
...ધ્ય ભમે છેરે, હાય હાય ! ! હાય૦
અંગ ઓઢ... સ્રો આછા, અંગ દેખાય વાસેથી ખાસા,
જુવો જુવો ભાઇ આ તમાસારે, હાય હાય ! ' હાય૦
પેહેરી સપાટ, બુટને ચાલે, એક હાથે જો છત્રી ઝાલે,
પછી મલકાતી મન મ્હાલેરે, હાય હાય ! ! હાય૦
...ા, વિના ન દિન એક છાંડે, ઉઠી વ્હેલીને કીટલી માંડે,
...દીધા વાળી જો ધમરોળ રાંડેરે, હાય હાય ! ! હાય૦

મુખ ધાલે છે પાનના કુચા, થુક ફેંકી કાઢે બહુ કુચા,
હોઠ રાતા કરી જુવે છે ઉંચારે, હાય હાય !! હાય૦
કરે સોદા જો જઇને બજારે, હરી ફરી દુકાનો હજારે,
બાપ, દાદાની આબરૂ વધારેરે હાય હાય !! હાય૦
નિત્ય જોવા નાટકને જાયે, ગીત મુખે નાટકના ગાયે,
હોય ભલે પિતા, માત, ભાઇએરે, હાય હાય !! હાય૦
કેક સીખી હોટેલોમાં જાવા, બેસી ખુરસી ટેબલપર ખાવા.
કુળ ઉભયની આબરૂ ગુમાવારે, હાય હાય !! હાય૦
ઘેર ચુલે નાખે નહિં છાણા, માંગે ડબલ હોટેલમા નાણા,
ભલે રેવાના હોયના ઠેકાણારે, હાય હાય !! હાય૦
બહુ ભાંવે સીખડને પુરી, રૂડાં રાયતાની સાથે કચુરી,
શાક મફત ખાવે બની શૂરીરે, હાય હાય !! હાય૦
રૂડા હાથના ખોરાકને તજ્યા, ખાવા ગમે હોટેલના ભજ્યા,
લે છે નાણા કરીને ઘેર કજ્યારે, હાય હાય !! હાય૦
વળી મોઢા રૂમાલે લુછે છે, આમ ભમરા હોટેલમાં ભુસે છે
કોણ આવી નારીને પુછે છેરે હાય હાય !!
ઘેર ઘાઘરાને જાલરો જાજી, હોય તેમ તેમ થાય તે રૂ
જોઇ જોઇને મરૂ છુ હુ લાજીરે, હાય હાય !!
કેક દિસે ગુલાબડી જેવી, જાણે મારવાડની એક દેવી;
ભાઈ વિશેષ વખાણુ હુ કેવીરે, હાય હાય !! હાય૦
કેક દેસી રાજાઓની રાણી, ફરે ખુશી થઇને ભાઇ શાણી;
મુકી માથે ઓજલને પાણીરે, હાય હાય !! હાય૦
માન હતું ઓજલમાં મોટું, ગણી દીધું તેને માવ ખોટુ,

અને કાદે ગાડીમા રોજ દોડુ ઉ, હાય હાય!! હાય૦
સુર્ય ચદ્ર કયારેક મુખ જોતા, એમ રાણી ઓજલમા રેહેતા,
હવે જુવે બગીને દેઃ મોતારે, હાય હાય!! હાય૦
ઘણા લોકે સુધારો આ કીધો, ઇરાની પોષાક વળી લીધો,
હાય મુખથી ટકો આ દીધોરે, હાય હાય!' હાય૦
હોય વેતા ન એક જો રતિના, કામ કરે છે અવળી મતિના,
બાગ મેળવ્યા છે પ્યારા પતિનારે, હાય હાય!! હાય૦
પાડી ટવો જો છેલ કરવાની, પડે મરજી ત્યા ત્યા તે ફરવાની,
મુખી માનેથી બિક મરવાનીરે, હાય હાય'! હાય૦
વાત કરવા કાગળથી શીખી, રૂડા રીવાજ નાખીયા છે વીખી,
ખાય છેવટે આ દુનિયાને બીખીરે, હાય હાય!! હાય૦
અન્ય પુરૂષને હઇને તાળી વાત ચૌટે કરે છે ઉપાળી,
કહો કોણ શકે ભાઇ' ખાળીરે, હાય હાય!' હાય૦
નો ? ઘરમા અરે એક ધાતુ, તેમા કરે નવી નવી વાતુ,
૬ આ ખમા ખવાતુરે, હાય હાય! હાય૦
' દીધા છે ત્યાગી, નાના મોટા ઘરોમા લાયલાગી,
હિ ભાગીરે,: હાય હાય'! હાય૦
નથી ધમ ... ખ દેતા, મોટા મોટા નથી બંધ રેતા,
નથી પ્રભુ આવીને કંઇ' કે'તારે, હાય'! હાય૦
નથી ભક્તિના ભાવ ઉર ધરતી, નથી દાન પુણ્ય હાથેથી કરતી,
વ્હાલા વિઠલ વરને નથી વરતીરે, હાય હાય!' હાય૦
માસુ સસરા ને નણદી ગમે નહિ,' સાથ બેસીને પ્રેમે જમે નહિ,
બોલ કદિ તે કોનો ખમે નહિરે,: હાય હાય!! હાય૦

કેક ધણીની પેહેલાં જમે છે, વળી મરજી.પડે ત્યા ભમે છે;
જ્ઞાતા ગુણી આ કેમરે ગમેછેરે, હાય હાય !! હાય૦
જુવો જુવો કહું મારા મિત્રો, આ કેવાં સુધારા ચરિત્રો;
કાંક જોશો તો રહેશો પવિત્રોરે, હાય હાય !! હાય૦
દાસ ત્રિભૂવનની સુણી વાણી, થતી અટકાવો આબરૂ પાણી,
રીન હિંદુની લોઢે લેવાણીરે, હાય હાય !! હાય૦

દોહરા.

ઘરનારી બગડયા થકી, ઘરનો બગડે ઘાટ,
હાક ન હોયે તેહને, દેછે વાળી દાટ. ૧
છુટ ન દેવી તેહને, કારણ વિણ ઘરબાર,
તો સસાગ સરવને, પ્રેમે પડશે પાર. ૨
શાસ્ત્રો વિણ નહિં વાંચવા, પુસ્તક દેવું હાથ;
સગીત નહિં સભળાવવું, કરવીન ખોટી વાત. ૩
સતિ ચરિત્રો વાંચવા, કાયમ પાડો ટેવ;
પુજ્ય ગણીને પુંજ્યશે, તમને મોટા દેવ.
ધ્યાન ધરમનુ શીખવો, પ્રગટો ભક્તિ ભાવ;
ભવસાગર ભાવે તરે, મુક્તીનું લઈ નાવ. ,

(રાગ) રાસડો બ્હેનોને બે બોલ.

સુણો શાણી મ્હારી સદ્‌ગુણી બ્હેનો, સદ્‌ગુણમાં છે જે લાભ મજેનો
તે કેમ તજીયે તાડીરે, મ્હારી સદ્‌ગુણી બાડી.
નિંદ્રા જે નયણુથી પ્રભાતે તજીયે, પ્રભુ પ્રભુ નામને પ્રેમથી ભજીએ;
નેહ હ્રદેમા લગાડીરે, મ્હારી૦

સા/ સુદ્દ વાસણુ ને આંગણુ કરીયે, પાણી ગળી પાણીયારામા ભરીએ,
ચિત્તને કામે ચોટાડીરે, મ્હારી૦

રડા લક્ષ થકી રસોઇ કરીએ, રસોઇ કરતાં નાં હરીએ ફરિએ;
જમીએ પતિને જમાડીરે, મ્હારી૦

નવરી નારી સાથે વાત ન કરીએ, અન્યની વાતો ન કાનમાં ધરીએ.
ઘરનુ જે માન ઘટાડીરે, મ્હારી૦

વસ્ત્રા આછા ટુકાં ઓઢો ના અગે, ફેશન નકશી કદી જો ઉમગે,
દર્દ હૈયાને પમાડીરે, મ્હારી૦

પરન્તુ ગણુ કદિ કોઇ ન રાખો, છબડી છુટી ખુશી ના કરી નાખો
લજ્જત વિનયને વિનાડીરે, મ્હારી૦

વાત વિનય વિણુ નાં કદિ કરીએ, ધીરે ધીરે બ્હેન બોલ ઉચ્ચરીએ,
નયણોને નિચા નમાડીરે, મ્હારી૦

[illegible] ધ કદિ નહિ કરીએ, શાંતિ સદાએ હૃદેપર ધરીએ,
[illegible] લગાડીરે, મ્હારી૦

[illegible] નણુા દોરા ને ધાગા, જે કરતા હોય સાધુ ને બાવા,
[illegible] ાડીરે, મ્હારી૦

સાસુ સસરા વળી જેઠાણી જેઠા, માત પિતા ગણી તેહને વંઠા,
રાજી રો નણદી હસાડીરે, મ્હારી૦

નીતિ દયા ઘડી ઘટથી ન તજવા, પતિ પ્રભુ સમ પોતાના ગણુવા,
વસીયે વૈકુંઠ જેથી વાડીરે, મ્હારી૦

* બાઇ તમારો ત્રિભૂવન લેખો, લખી કવિતાને આંખેથી દેખો;
મન્નના મેલને મટાડીરે, મ્હારી૦

પુરૂષો માટે એ બોલ–ચાલુ જમાનો.

રાગ—સહીયર દુઃખ ક્યાં દાખવું.

હિંદુ પણુ રે હાલ્યું જાય છે, વ્હાલા વ્હેતે જો પુર;
જાગો જાગો ને જરી જુવો વિનતિ લઇને હજુર,
હિંદુપણુ રે હાલ્યું જાય છે. ટેક.
ભક્ષ અભક્ષ કરે ઘણા, કેક વર્ણીકો દ્વિજ,
કેમરે નથી કોઈ કાઢતા, આવી ટેવ તણાં બિજ હિં૦
આચાર વિચારને અળગા કર્યા, કર્યા ધર્મના દ્વાર:
ગૌરવ મુકયું છે ન્યાતનુ, પેલા દરિયાની પાર હિં૦
અધા ધધા બહુ ઉધા કરે, મુકી નીતિનું માન.
હિત શિક્ષા કોઈ નવ ધરે, કર્યા છતા જો કાન. હિં૦
કયાં ગયા ધર્મ ગુરૂ અરે, શાસ્ત્રોને લઈ સાથ
કયારે ગયા નાસી શેઠીયા, જુવે નહિ કોઇ વાત હિં૦
લાયરે લાગી છે લેબાસની, કર્યો કુધારે વાસ,
આંખો નથીરે કેમ ખુલતી, દેખો છો છતા ખાસ
કુતરા ઘરેરે સાથે લઈ, સુવે છે લઇ સાથ,
જમતા જમતારે ખોળે લીએ, ફેરવે મુખ હાથ. હિં૦
મોટા મોટા તે ખુણે ધરી, પીએ દારૂના ગ્લાસ.
દવા પીધી પુછ્યાથી કહે, ખોટું બોલે છે ખાસ. હિં૦
કેક ઇસ્લામી હોટેલોમાં, ખાયે માંસાદિ મુખ.
મેણાં ટોણા ખાવા તે પડે, કહુ જઇને કયાં દુઃખ. હિં૦
તુલસી કયારાને કોરે કર્યા, કર્યા દેવોને દૂર.

ઉપવીત ફેંકે લજાવીયાં, બોળી ધર્મના નુર. હિંદુ૦
શેવારે છોડી માને બાપની, પુજે પત્નિના પાય,
માત પિતાને માને નહિ, ગુણ નારીના ગાય. હિંદુ૦
લાડી લઇને સાથે રડવડે, શેરી ચૌટાની મય;
મરજાદ મુકીને માલવે, ખુલ્લી રીતેરે હાય. હિંદુ૦
નેવા પરે મુકી નાકને, રાખી સોટીને હાથ;
બીજાજે થયારે ખાટા આમલી, વંઠી જાણે ન વાત. હિંદુ૦
શિખાનું મત્યાનાશ વાળીયું, રાખ્યા કપિ સમ કેશ;
આખો દિવસ જુવે આરસી, દેખાવા દીલ બેશ. હિંદુ૦
ભક્તિ મુકીરે મારા નાથની, મુકી મરવાની ફિકર,
ધર્મ કર્મ નવ ઓળખે, વરતે તે ગણે ઠીક. હિંદુ૦
પાઠ તજ્યાને પુજા તજ્યા, તજ્યા માળાનું નામ,
ધ્યાન મુકયુ ધરતી તળે, કથા સુણે ના કાન. હિંદુ૦
પાઘડી મુકીરે પાતાળમા, કન્ડી-યાં કૈલાસ,
... ગીરે દીધા ખીતીએ, ધર્યા અન્ય લેબાસ. હિંદુ૦
... દ્વિજ નહિં ઓળખે, કોઇ ભોજક ભાટ,
...રે સાહેબજી, જાણે હોય એક માટ. હિંદુ૦
... તો વાતો કરે, નહિં આમ કે આમ,
કેહરે જાને આને ઓળખુ, બોલાવું લૈ શુ ? નામ. હિંદુ૦
ઉભા લઘુ શંકા એ કરે, વિના વસ્ત્રે જો નાય,
બંધ કરીને બારણા, બેસી ખુરસીએ ખાય. હિંદુ૦
ફુંકે બીડીનારે ફુંકણાં, રાત ને આખો દિન,
રસ્તે જાતા અને આવતા, બહુ થૈ તેમા લીન. હિંદુ૦

દામ ન કરે કોડી એકનુ, રંઝળે દિન ને રાત,
તદપિ ઘડીઆળ ટાગે રાતીએ, કાતો બાંધે છે હાથ. હિ'દુ૦
બિસ્કુટ, પાઉ, ચા, ભાવે બહુ, પીવા સોડા ને મધ;
જુદી જુદીરે હોટેલમાં, ભાઈ સાહેબને સદ. હિ'દુ૦
જીવ દયામા નવ દે દોકડો, દે નાં દીનોને દાન;
નાયકા નચાવી દે છે ઘણુ, મોટા માનીને માન. હિ'દુ૦
ભજન ને તો ભુલીગયા, ગાણું નાટક ગાય,
આ-હા-આ-હા-વાવા-તે કરે, બની ઘેલા જો હાય. હિ'દુ૦
સત્ય, દયા, નીતિ ધરમ તે, જઈ વસીયા છે વ્યોમ,
ચળ, દગો, કપટ, ઇરષા, વસ્યા વ્હાલી આ ભોમ્ય. હિ'દુ૦
ઝેર ને વેર ઘેર ઘેર વસ્યાં, કર્યો કુસપે કેર;
સપ ગ્રહ્યો ફકત વાયસે, જોતા ભાઈ ચોમેર. હિ'દુ૦
વાણીમા વધીરે અતિ ક્રુરતા, મારી વિનયને લાત;
અભિમાનના થઇ એજ'ટો, જુવે નાં નિજ જાત. હિ'દુ૦
અવગુણુ આપના જુવે નહિ, કાઢે અન્યની ભુલ;
હળવા પડ્યારે હાથે કરી, જુવો તરણા તુલ્ય. હિ'દુ૦
શેખી દેખા દેખી બહુ કરે, મોટા ચાકડ શન્ય,
લાગે ખરે ખરાં મુજને, મતિના એ છે નુન્ય. હિ'દુ૦
ખરા ખોટા કોઇ ના પારખે, રૂડા રાજા છે રામ;
ખોળ ને ગોળ સરખા ગણે, નીતિ ખોર હરામ. હિ'દુ.
જોડે મારે જુના રીવાજો, ખાવા પીવાના મુખ;
ધર્મ કર્મ કોઈ ન ઓળખે, કહું કયાં જઇ દુઃખ. હિ'દુ.
કૈક કવિ લખીને ગયા, કૈક લખે છે હાલ,

લખશે આગળ જો અતિ ઘણુ, હશે ધરમની હાસ. હિંદુ.
તેના લેખો વાચો આંખથી, કોઇ સાંભળો કાન,
પછી વિચારોને ફેરવો, ગણાવા ગુણવાન. હિંદુ.
કલ્યાણ થાશેરે કોમનુ, મળશે સુખ અપાર
હામ તમારો ત્રિભુવનો, કહે છે નરનાર. હિંદુ.

ભુજંગી છંદ.

રૂડા ભાઇ મારા, રૂડો ધર્મ પાળો,
વિચારો નઠારા, તમે સર્વ ટાળો,
કરે લોક હાંસી, તમે તે કરોમા,
બની ફાંકડાને, લુખા કૌ ફરોમાં ૧
વધે આબરૂ જો, નહિ ભાઇ એમા,
ગવાશે નહિં જો, કદી કિર્તી તેમા,
જુના જે રીવાજે, જરી જો ડરોમા,
બની ફાંકડાને, લુખા કૌ ફરોમા. ૨
રૂડા માત પિતાની, શેવા બજાવો,
નહિ કોઇ શેવા, થકી જો લજાવો,
કદી પાય પાછો, કહુ ત્યા ભરોમા,
બની ફાકડા ને, લુખા કૌ ફરોમા. ૩
ગુરૂ આપણાએ, વિદ્યાદાન દીધુ,
ઉથાપો ન કોઇ, અરે ભાઈ કીધુ,
પિતા માત જેવા, ગણો તે નરોમા,
બની ફાકડા ને, લુખા કૌં ફરોમા. ૪
રૂડા ધર્મ ગુરૂ, પ્રત્યે ધ્યાન આપો,

કહે તેમ ચાલો, ન આજ્ઞા ઉથાપો,
તજી બોધ તેનો, ક્ષુદ્રા કો ચરોના,
બની ફાકડાને, લુખા કૌં ફરોમાં. ૫
રૂડા રાજ્ય પિતા, પ્રભુ તુલ્ય જાણો,
નહિ નન્ય ભાવે, કદિ કો પ્રમાણો,
મૃત્યુ લોકમા છે, સહુ સુખ આરો,
રહો રાજય રૂડુ, સદા શિર ધારો. ૬

મનહર છંદ

માત તાત સમ ગુરૂ, વિધાના ભણાવનાર,
ત્રીજા પિતા ધર્મ ગુરૂ, ઉર માહી ધારીએ,
ચોથા પિતા રાજાજી છે, સર્વ તદ્‌રૂપ ગણી,
આશિષ્ય સદાય સુખ, આપીને સંભારીએ.
ઇશને નમાની શિશ, સુખ, શાતિ, સદા આપો,
સર્વનુ કલ્યાણ કરો, એમજ: વિચારીએ,
પાંપળાં પાખંડ સર્વ, ગર્વને ગુમાન ખોટા,
તાન, માન નાદાનનું, મોજડીથી: મારીએ. ૧

પોલકાના પવાડાનું છેવટ કેમ કરવું.?

પદ.

સુણુને સ્વામી માહરારે, મને પોલકુ લાવીદે,
પોલકું લાવી દેરે મને, પોલકુ લાવીદે. સુણુ
ઘણું સારૂં સીવડાવીને, સુખડે માહરેરે,
નહીંતો તારા ઘરમાં મારે, નહીં ઘડી બને. સુણુ.

સાડી આડી ખુબીએ ઓઢું, એરઘે માયેરે;
પેહેરી સપાટા ચોટે ચાલુ, સુધરેલી સહુ કે. સુણુ.
હેમની હાયે બંગડી રૂડી, શોભતી સારી બે;
નામ કોરાવી વીંટીઓ પેહેરૂ, ન મળે કોની બે. સુણુ.
મરડી મરડી કેડને ચાલુ, કોણ કેહેનારૂં છે,
હોય ઘરે કશું તોય ઘડાવે, નો હોય નોકરરે, સુણુ.
પોલકા વિના ચાલશે નહી, હોય કેહેવું તે કે;
ઇલાજ તેનો એક બતાવું, ધ્યાનમાં તારા લે. સુણુ
કે, ત્રિભૂવન ભાઇ આનેનો છુટકો આપી દે,
સુણજે મારા બધવારે, તું સુખમા જેથી રે.
ખોલકા મુખી પોલકાવાળાને રોકડી રજા દે,

આપણું કર્ત્તવ્ય.

પ્રિય સજ્જનો ઉત્તમોત્તમ મનુષ્ય શરીર પામી આપણુ મુખ્ય અને પરમ કર્તવ્ય વિષયભોગાદિ ભોગવવા તે નથી; પરતુ યત્યુત્કટ પ્રયત્નદ્વારા પરમપ્રાપ્ય વનીપ્રાપ્તિ કરી કૃતાર્થ થવુ તે છે. શાસ્ત્રકારો પણ કહે છે કે,

યાવંત સ્વસ્થો હય દેહો ; યાવદ મૃત્યુ દુરતઃ
તાવદાત્મ હિત કુર્યાત્ પ્રાણાંતે કિંકરિષ્યંતી.

અર્થ—જ્યાં લગી શરીર સ્વસ્થ છે અને મોત આવ્યું નથી ત્યા લગીમાં આપણા આત્માનુ શ્રેય સાધી લેવું. કારણ કે અવસાન વખતે કઇ થઇ શકે નહીં. માટે હે સજ્જનો આ મહામોંઘું અને અતિ દુર્લભ મનુષ્ય શરીર વિષયોમાં નિર્થક વ્યતીત નહીં કરતાં જ્ઞાતવ્યને જાણવા વૃત્તિને પ્રેરશો. પામર અને શાસ્ત્ર સંસ્કાર રહિત

મનુષ્યો ધારે છે તેમ જો વિષય ભોગાદિ માટેજ મનુષ્ય શરીર પ્રાપ્ત થયું હોતતો પશુ શરીર કરતા તેની શ્રેષ્ટતા ન ગણાત કારણકે સ્ત્રી પુત્રાદિ વિષયો તો પશુ યોનિમા પણ પ્રાપ્ત છે. વળી જો તેમજ હોય તો શાસ્ત્રકારોએ મનુષ્ય શરીરને મહા મોંઘુ અને દેવતાને દુર્લભ કહ્યુ છે તે વ્યર્થ વત થાત પણ પ્રિય સજ્જનો તેમ નથી કહ્યુ છે કે,

અહાર નિદ્રા ભય મૈથુનચ, સામાન્ય એતત પશુ ભિનરાણા,
ધર્મોપદે શોઅધિકો વિશેશો ધર્મેણુ હિના પશુ ભિમમાનો.

અર્થ—અહાર નિદ્રા ભય અને મૈથુનમા મનુષ્ય અને પશુ સરખા છે પરંતુ મનુષ્યમા ધર્મા ધર્મ સમજવાની બુદ્ધિની વિશેષતા છે માટે જો ધર્મથી રહિત થાય તો પછી પશુમા અને તેનામા કંઇ તફાવત ગણાય નહિ. માટે પ્રિય સજ્જન આ મનુષ્ય શરીર રૂપી હીરો હાથમા છે ત્યા લગીમા સ્ત્રી પુત્રાદિ વિષયો જે ઉપરથી સુખરૂપ ભાસે છે પણ અંતર વૃત્તિથી નિહાળતા **વિષકુંભં પયોમુખં**, ન્યાયે હળાહળ ઝેર રૂપી હોઇ આ લોક પરલોકમા અત્યંત દુ:ખદાતા છે તેમા આશક્ત નહીં થતા પરમકૃપાળુ અને પરમસુખરૂપ પરમાત્મા નું હૃદયપુર્વક સ્તવન કરી કલ્યાણ સાધવા ઉત્કંઠિત થશો. શ્રીની સંગમા કહ્યું છે કે,

નારી બુરી વેસ્યા અરૂ પરકી ત્રીઉ નરક નિશાની ધરકી.

વળ કહ્યુ છે કે,—અર્થ ધર્મ અરૂ મોક્ષકો નારી બીગારત એન,
સબ અનર્થકો મુળ લખી તજે તાહી વહીચેન.

માટે હે સજ્જનો હવે સમય નિરર્થક વ્યતીત કરવો કોઇ રીતે પ્રશસ્ય નથી માટે એક ક્ષણપણ વ્યર્થ નહીં ગુમાવતાં કમ્મરકસી નીતિ ન્યાય અને ધર્મ પુર્વક અત્યંત વિશુદ્ધ વ્યવ્હાર સીદ્ધ કરી પરમકૃપાળુના સ્તવનમાજ વૃત્તિને વિરામો. કહ્યું છે કે.

ધ્રુતીકાન વરિત મહાત્મા સ્વાર્થે પ્રમધતિ,
ઉત્તમ માનુષ દેહં પ્રાપ્ય તત્રાપિ પૌરષં.

અર્થ—એવો કોણ મૂઢ હોય કે જે પોતાના સ્વાર્થ (લાભની બાબતમા) ઉત્તમ મનુષ્ય શરીર અને તેમાં વળી પુરૂષ શરીર પ્રાપ્ત થયા છતા ગાફલ રહે. પ્રિય સજ્જનો આપણે જે તેવા ગાફલ છીએ કારણકે ઇશ્વર સ્તવન મહાન ચિંતામણી રૂપ હોઇ તેનુ યથા વિધિ ચિંતવન કરનારના પાતકોની વિશેષ નિવૃત્તિ કરી પરમ કલ્યાણની પ્રાપ્તિ કરનાર છે છતા પણ આપણી વૃત્તિ તે તરફ નહીં જતા અત્યંત દુઃખિત અને નિંઘ વિષયોમા આસક્ત થઇ જન્મો જન્મ સંસાર દુઃખનો અનુભવ કરે છે. કહ્યુ છે કે,

સુખ સ્વરૂપ અજ આત્મા તાસુ ભિન્ન અમાર

આ આત્માજ સુખરૂપ છે ને તેનાથી ભિન્ન પ્રતીત થતુ જગત મૃગજળવત મિથ્યા માયામાત્ર દ્રષ્ટ નષ્ટવત છે પ્રિય સજ્જનો એતો નિર્વિવાદ સત્ય છે કે જે સુખરૂપ વસ્તુ છે તેના આદરપુર્વક ચિંતવનથી નિત્ય અને નિરવધિ સુખની પ્રાપ્તિ થઈ શકે પણ સ્ત્રીપુત્રાદિ જે આદિ અંત અને મધ્ય ત્રણે કાળમા કેવળ દુઃખરૂપ છે, તેમા આસક્તિ રાખનારને અત્યંત દુઃખાનુભવ કરાવી પરિણામે જન્મ જન્માન્તરની પ્રાપ્તિ કરાવે છે.

માટે કહ્યુ છે કે, ત્યજ દુરજન સંસર્ગ ભજ સાધુ સમાગમઃ
કુરૂ પુણ્ય અહો રાત્ર સ્મર નિત્ય જનાર્દન.

અર્થ—દુરજનોનો સંગ ત્યાગી સાધુ સમાગમમા પ્રીતિ રાખી રાત દીવસ પુણ્યનો સંચય કરી મહા પરમાત્માનુ સ્તવન કર.

પ્રિય મિત્ર ઇશ્વરના નામમા એવી મહાન ચમત્કૃતિ છે કે તેનું

સ્મરણ કરનારના પાપની નિવૃત્તિ કરી સંસારની નિવૃત્તિદ્વારા અક્ષય સુખને આપે છે. કહ્યું છે કે,

> હરિર્હરતિ પાપાની, દુષ્ટ ચિત્તૈ સ્પૈશુન,
> અનિચ્છાપિ સ સ્પષ્ટો દહત્યેવહિ પાવકઃ

અર્થ—જેમ અગ્નિનો સ્વભાવ છે કે અજાણે અડવામા આવે તો પણ બાળે છે તેમ હરીના નામમા એવો ચમત્કાર છે કે દુષ્ટ ભાવવડે પણ તેનું સ્તવન કર્યુ હોય તો પણ તે પાપ માત્રનો નાશ કરે છે માટે હે પ્રિય સજ્જનો કૃપા કરી તે કૃપાળુ તરફ ચિત્ત વૃત્તિને દોરી કૃતાર્થ થાઓ. કહ્યુ છે કે,

> સોદા કરલે સાર જગતમાં સોદા કરલે સાર,
> આનેકા પલ વહીહે મનવા સોદા કરલે સાર.

મનુષ્ય માત્રને સુખ પ્રિય છે અને સુખને માટે સવારથી સાંજ લગી તલસ્યા કરે છે એટલુંજ નહીં પણ ઉઠતા બેસતા સુખનુંજ ચિંતવન કરે છે ને ઇચ્છે છે કે, મને સુંદર સ્ત્રી, પુત્ર, ભવ્ય હવેલી અને અસંત ધનની પ્રાપ્તિ થાઓ પણ અફસોસ કે તેમનો ઇચ્છિત વિષય નહીં પ્રાપ્ત થતા પ્રતિકુળ પ્રાણી પદાર્થોની પ્રાપ્તિ થાય છે તેનું કારણ શું ? તેનુ કારણ માત્ર એજ છે કે,

> વિના ધર્મં મનુષ્યાણા, જાયતેન શુભં કવચિત;
> યત્નતો ધારયેત તસ્માત્ પુરૂષો ધર્મે વહી.

ધર્મ વિના માણસને સુખ કદી મળવાનું નથી. કારણ ધર્મ એજ સુખનું ઉપાદાન કારણ છે માટે મનુષ્યે કમ્મર કસી (હાનિ લાભની કિંચિત માત્ર પણ ગણના ન કરી) ધર્મનોજ સંચય કરવો જોઇએ.

માટે જેને પોતાની હિતની દરકાર છે તેવા વિવેકીએ શરીર વાણી અને મનેવડે કદી પણ શાસ્ત્ર નિષિદ્ધ વ્યવ્હાર ન કરવો, જે શાસ્ત્ર વિધિનો ત્યાગ કરી અન્યથા માર્ગ ગ્રહે છે તેને આ લોક પરલોકમા મહાન હાનિ થાય છે. કહ્યુ છે કે,

યઃ શાસ્ત્ર વિધિ મુત સૃજ્ય વર્તતે કામકારકઃ
નસ સિદ્ધિ મવાપ્નોતિ ન સુખ ન પરાગતિ.

અર્થ—જે શાસ્ત્રે આજ્ઞા કરેલ માર્ગે નહીં વર્તતા પોતાની સ્વચ્છા પ્રમાણે વર્તે છે તેને આ લોકમા સિદ્ધિ સુખ તથા પરલોકમા ઉત્તમ ગતિની પ્રાપ્તિ થતી નથી. માટે સદા સર્વ પ્રયત્ન વડે માણસે પોતાના હિતનું સાધન જે શુભ કર્મ તેમા બીલકુલ પણ કરવો તે અઘટિત છે.

હવે જેને આપણે શુભ કર્મ અથવા ધર્મ કહીએ છીએ તેનુ નામ શુ છે એ જાણવાની સાધારણ રીતે ઇચ્છા થવા સભવ હોવાથી તે કહેવાય છે કે,

શુભાશુભ કર્મ કાયિક, વાચિક, અને માનસિક એમ ત્રણ પ્રકારના છે.

શરીરવડે પર દ્રવ્યાદિનું હરણ રૂપ ચોરી, પર સ્ત્રી ગમન અને કોઇ પણ પ્રાણિને શરીરવડે કોઇ પ્રકારનુ દુઃખ ન દેવુ તે શારિરીક અશુભ કર્મ છે અને દેવ બ્રાહ્મણ ગાય ગુરૂ મહા પુરૂષો અને માતાપીતાદિકને પુજ્ય બુદ્ધિવડે નમસ્કાર પુર્વક કરેલા શૌચ (સ્નાનવી) મનમા હોય તેવુજ બ્હાર શુદ્ધ વર્તનરૂપ આર્જવતા, શરીરવડે સર્વ પ્રાણિને બનતા પ્રયત્ને સુખ આપવારૂપ અહિસા, સ્વસ્ત્રીથી ભિન્ન સર્વ સ્ત્રીઓને વિશે માતા ભગિની બુદ્ધિરૂપ બ્રહ્મચર્ય સુપાત્ર બ્રાહ્મણ સાધુસત અપંગ નિરાધાર મનુષ્યો અને ભોજન સમયે પ્રાપ્ત થયેલ અતિથિને યથા શક્તિ અન્નાદિ આપવારૂપ દાન, તથા માતા પિતા સ્ત્રી પુત્ર અને બધુજનોનુ પાલન કરવું તે શારિરીક શુભ કર્મછે

સમાપ્ત.